સુવિચાર : એ હાથ શું કામના.. જે પ્રાર્થના સમયે ઇશ્વર તરફ ઊંચા થાય, પણ કોઈને મદદ કરવાના સમયે બગલમાં છુપાઈ જાય - સ્વીસ કહેવત

તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૯ | ૨૯ ઓગસ્ટ, ૨૦૧૫, શનિવાર ; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- બજારમાં સતત બીજા દિવસે તીવ્ર રિકવરી : ૧૬૧ પોઈન્ટનો સુધાર
- ડોલર વિરુદ્ધ રૂપિયો આખરે ૬૬.૧૬ની નીચી સપાટીએ
- ચીનને ઓવરટેક કરવાની ભારત પાસે સુવર્ણ તક છે
- નીતિશની કુલ ૨.૭૦ લાખ કરોડની યોજના ઘોષિત
- શીલા દીક્ષિત સામે ફરિયાદ નોંધાવશે કેજરીવાલ સરકાર
- કોંગ્રેસી નેતાઓએ ગાંધીજીની પ્રતિમા પાસે રામધુન બોલાવી
- મૃત્યુદંડની સજા નાબુદ કરવા માટે ટુંકમાં ભલામણ કરાશે
- ત્રાસવાદી સજ્જાદે તોયબાના કેમ્પમાં વિશેષ તાલીમ લીધી
- પૂર્વ જવાનો દ્વારા ૧૯૬૫ના યુદ્ધની વરસીની ઉજવણીનો બહિષ્કાર

# પાક સરહદે પુનઃ ભીષણ ગોળીબાર



## પાક દ્વારા કરાયેલા ગોળીબારમાં 3 મોત : અન્ય ૨૨ નાગરિકો ઘાયલ

શ્રીનગર,તા. ૨૮

જમ્મુ કાશ્મીરના આરએસપુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાને ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કરતા ત્રણ નાગરિકના મોત થયા છે અને ઓછામાં ઓછા ૨૨ લોકો ઘાયલ થયા છે. જે પૈકીના કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પાકિસ્તાનના ગોળીબારમાં મૃત્યુ પામેલા નાગરિકોની ઓળખ કરી લેવામાં આવી છે, જેમાં ૪૫ વર્ષીય સુભાષચંદ્ર, ૪૨ વર્ષીય બિમલા દેવી અને ૫૫ વર્ષીય પવનકુમારનો સમાવેશ થાય છે. સુભાષચંદ્ર અને બિમલા દેવી સાંઈખુર્દ ગામના નિવાસી છે. જ્યારે પવનકુમાર અબ્દુલ્લીયન ગામમાં રહેતો હતો. આરએસપુરામાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અરનિયા સેક્ટરમાં ભારે તોપમારો અને ગોળીબાર કરવામાં આવ્યા બાદ વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ ગઈ હતી.

પ્રાપ્ત અહેવાલ મુજબ, કિશનપુરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર વહેલી પરોઢે ૧.૪૫ વાગ્યે ગોળીબાર શરૂ થયો હતો. જોરાફોરમ, જુગ્નુચાક, નવાપિન્ડ, હર્ના, શિયા, અબ્દુલીયન અને ચંદુચાક વિસ્તારમાં ગોળીબાર કરાયો હતો. પાકિસ્તાને આ ગોળીબાર કરતીવેળા ઓટોમેટિક હથિયારોનો ઉપયોગ કર્યો હતો. પાકિસ્તાન દ્વારા કરાયેલા ભીષણ ગોળીબારના કારણે ઘણા નાગરિક વિસ્તારો શકંજામાં આવી ગયા હતા.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પાછી ઠેલાય એવી અટકળો

ગાંધીનગર, તા. ૨૮

પાટીદારોનો ઓબીસીમાં સમાવેશ કરવાની માંગણી સાથે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ પર યોજાયેલી મહાક્રાંતિ રેલી બાદ ગુજરાતમાં ખુબ જ ઝડપથી રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે અને ભાજપની વોટબેંક ગણાતા પાટીદારો હવે ભાજપથી વિમુખ થઈ રહ્યા હોય તેવું ચિત્ર ઉભું થતાં ઓક્ટોબર મહિનામાં યોજનારી રાજ્યની છ મહાનગર પાલિકાઓની તથા ત્યારબાદની નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીઓ પાછી ઠેલાશે તેવી જોરદાર રાજકીય અટકળો વહેતી થઈ છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ હોદ્દેદારોની તથા ત્યારબાદ ધારાસભ્યોની પણ આજે ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ ખાતે યોજાયેલીબેઠકમાં પાટીદાર આંદોલન બાદ રાજ્યમાં સર્જાયેલી હિંસા તથા આગામી ચૂંટણી અંગે પણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં ભાજપના અનેક પાટીદાર હોદ્દેદારો તથા ધારાસભ્યએ પાટીદાર સમાજમાં હાલના સંજોગોમાં ભાજપ પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે તેવો સામૂહિક સુર વ્યક્ત કર્યો હતો અને આ પ્રકારના સામા પ્રવાહમાં ઓક્ટોબર મહિનામાં ચૂંટણી યોજાશે તો ભાજપ માટે પરિણામો સારા નહીં આવે તેવી પણ લાગણી વ્યક્ત કરવામાં આવતા ભાજપનું હાઈકમાન્ડ અવઢવભરી સ્થિતિમાં મુકાઈ ગયું હતું. ભાજપની આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ, પ્રદેશ પ્રભારી ડો. દિનેશ શર્મા, પરષોત્તમ રુપાલા સહિત વરિષ્ઠ આગેવાનો હાજર રહ્યા હતા જ્યારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ બપોરે ચાર વાગે આ બેઠકમાં આવી પહોંચતા ગંભીર મનોમંથન શરૂ થયું હતું.

સૂત્રોના વધુ જણાવ્યાઅનુસાર હાલમાં આગામી ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરવા તથા વર્તમાન રોષ ભર્યા માહોલને શાંત પાડવા ભાજપના આગેવાનો, ધારાસભ્યો, હોદ્દેદારો વગેરેને તેમના વિસ્તારોમાં જઈ પ્રજા સાથે સંપર્ક વધારવાની તાકીદ કરવામાં આવી હતી.




**વિશાલ સુપર માર્કેટ**

પ્લોટ નં. ૧૫૬૦, સે.૬એ, ગાંધીનગર
સમય : સવારે ૯ થી ૧ ● સાંજે ૪ થી ૯
ફોન નં. ૦૭૯-૨૩૨૪૭૮૮૩, મો. ૯૮૨૪૨ ૭૭૮૮૩

| વસ્તુનું નામ | MRPથી ફાયદો રૂ. /ટકામાં |
|---|---|
| વાઘ બકરી ચા ૧ કિલો ૩૩૦-૩૧૨ | ૧૮ |
| આશીર્વાદ /પીલ્સબરી આટા-૫ કિલો ૧૭૫-૧૫૦ | ૨૫ |
| અમૂલ પ્રો - ૫૦૦ ગ્રા. ડેલમોન્ટે ટોમેટો કેચઅપ- ૧કિલો | ૨૫ |
| બોર્નવીટા-હોર્લીક્સ-કોમ્પ્લેન-ટાટા અગ્નિ ચા - ૧ કિલો | ૩૦ |
| સફોલા-ગોલ્ડ / ટોટલ - સન્ડ્રોપ સુપર / હાર્ટ કફો રાઈસ - ૫ લી. | ૩૦ |
| સર્ફ એક્સલ મેટીક ફ્રન્ટલોડ - ૨ કિ. - ટાઈડ - ૬ કિ. | ૧૦૦ |
| રીન પાવડર-૬ કિ.● ગોવર્ધન ઘી - ૧ લી. જાર | ૫૦ |
| મી. વ્હાઈટ - ૩ કિ. પાવડર ● બધા જ શેમ્પુ ૬૦૦ Ml+ | ૫૦ |
| હિંગ રામદેવ-કિચન એક્સ - અન્નપૂર્ણા - ગાય - ૧૦૦ ગ્રામ | ૨૦ |
| રામદેવ-કિચન એક્સ. મરચુ-હળદર પાવડર - ૧ કિ. | ૧૫ |
| મધ ડાબર - શ્રીજી - ગુજ. ફોરેસ્ટ - ૧ કિ. | ૧૫ |
| અમૂલ - સાગર ઘી-૧લી. પાઉચ/ટીન - બબલુ નમકીન-૫૦૦ ગ્રામ | ૧૫ |
| બધા જ કોલગેટ ૨૦૦+૧૦૦ ગ્રામ. હેર ઓઈલ ૫૦૦ Ml. | ૧૦ |
| નેવી ફિનાઈલ ૪૫૦ Ml. | ૧૦ |
| પાર્લે-જી - જોલો - રાજભોગ ચોકલેટ ● સ્વામીનારાયણ ફરાળી લોટ ૫૦૦ ગ્રામ ● મારૂતિ મકાઈ પૌઆ, આર્મ ડીશવોશ લીક્વીડ, ● લક્ષ્મણ રેખા | ૨૦ % |
| એવરેસ્ટ-બાદશાહ-એમડીએચ-રામદેવ-પર્વ-જલારામ ઉમંગ મસાલા | ૧૦ % |
| ગીટ્સ-કીચન એક્સપ્રેસ-રામદેવ-ઉત્તમ ઈન્સ્ટન્ટ | ૧૦ % |
| લિજ્જત પાપડ-હલ્દીરામ-યશ મઠીયા-પાંચતારા ફરારી-૫૦૦ ગ્રામ | ૧૦ % |
| ગાય બેસન -ઉત્તમ સોજી - મેંદા - ૧ કિ. - પાર્લે-જી ૮૦૦ ગ્રામ | ૧૦ % |
| સુહાના-રસોઈ મેજીક - પ્રીલ - સર્ફ એક્સેલ લીક્વીડ | ૧૦ % |
| બ્રુ ગોલ્ડ - નેસ્કાફે ક્લાસીક કોફી ૧૦૦ ગ્રામ બોટલ | ૧૦ % |
| મમરા-પેન્સીલ સેલ-બધા જ ટોમેટો સોસ-કેચઅપ ૧ કિ. બોટલ | ૧૦ % |
| સેની ફ્રેશ - લાઈફ બોય હેન્ડ વોશ રીફીલ | ૧૦ % |
| આર્મી - નેવી - ટેલીફોન - એમ.આર.પી. સુડ્ઝ સાબુ | ૧૦ % |
| પાર્ક એવન્યુ - વાઈલ્ડ સ્ટોન-હિમાલયા-મૈસુર સેન્ડર-ડોય કેર, | ૧૦ % |
| બધા જ કોલ્ડડ્રીંક્સ - શરબત | ૧૦ % |

**બાય-૧... ગેટ-૧ ફ્રી...**

કિચન એક્સપ્રેસ અથાણા ● બામ્બીનો એમ.ટી.આર.- ઉત્તમ - ગુલાબ જાંબુ ● હિન્દાલ્કો એલ્યુ. ફોઈલ ૨૫ ગ્રામ ● વીકી વેફર બિસ્કીટ - ટેસ્ટી ટ્રીટ બિસ્કીટ ● લેઝર-૩ સ્પોર્ટ / રીફ્લેક્ષ રેઝર ● સંતુર ટેલ્કમ પાવડર - એકઝો સ્ટીલ સ્કબર ● ડીસોનો ઓલીવ ઓઈલ ● વેકફીલ્ડ કસ્ટર્ડ પાવડર ૧૦૦ ગ્રામ ● બ્લ્યુ બર્ડ પાસ્તા - ૫૦૦ ગ્રામ

**મધુર ખાંડ ૫ કિલો - રૂ. ૧૫૫/-**

નોંધ : સ્ટોક હશે ત્યાં સુધી વેચાણ ● ભાવ ગમે ત્યારે ફેરફારને આધીન

# આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલના રાજીનામાની માંગ સાથે ગૃહમાં હંગામો

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે બીજા દિવસે વિપક્ષ કોંગ્રેસના સભ્યો રાજ્યના આરોગ્યમંત્રી નિતીન પટેલના રાજીનામાની માંગ કરતાં સૂત્રોચ્ચાર પોકારીને ધાંધલ ધમાલ કરીને ગૃહની કાર્યવાહી ખોરવી નાંખી વેલમાં ધસી આવતા કોંગ્રેસના સભ્યોને ગૃહમાંથી સાર્જન્ટો બહાર લઈ ગયા હતા.

**વેલમાં ધસી આવેલ કોંગ્રેસના સભ્યોને ગૃહમાંથી સાર્જન્ટો બહાર લઈ ગયા**

ગુજરાત વિધાનસભાગૃહમાં આજે સવારની બેઠકમાં પ્રશ્નોત્તરી શરૂ થઈ તેની સાથેજ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ઉભા થઈને રાજ્યમાં થયેલ તોફાનોમાં વિપક્ષ જવાબદાર હોવાનો આક્ષેપ કરતાં સરકારના મંત્રી નિતીનભાઈ પટેલે કરેલા નિવેદન અંગે સરકાર સ્પષ્ટતા કરે તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

જો કે વિધાનસભા અધ્યક્ષે વિપક્ષી નેતાને મંજુરી નહી આપતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ઉભા થઈને જુઠી યે સરકાર નહી ચલેગીના સૂત્રોચ્ચાર સાથે પ્લેકાર્ડ પ્રદર્શિત કરીને ગૃહમાં હોબાળો મચાવી ગૃહની કાર્યવાહી ખોરંભે પાડી હતી.

વિપક્ષના સભ્યોએ રાજ્યના આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલ રાજીનામુ આપેનો ભારે સૂત્રોચ્ચાર કરીને ગૃહમાં ધાંધલ કરી હતી. કોંગ્રેસના કેટલાક સભ્યોએ ટ્રેઝરી બેચ તરફ મંત્રીઓ પર ચોપડીઓ ફેંકી હતી.

ભારે સૂત્રોચ્ચારને કારણે પ્રશ્નોત્તરી દરમ્યાન ખલેલ પહોંચવા પામી હતી. વિપક્ષના સભ્યો સૂત્રોચ્ચાર કરતાં વેલમાં ધસી આવતાં વિધાનસભા અધ્યક્ષે વેલમાં ધસી આવેલા કોંગ્રેસના સભ્યોને ગૃહમાંથી બહાર લઈ જવાનો આદેશ આપતાં સાર્જન્ટોએ કોંગ્રેસના સભ્યોને ગૃહમાંથી બહાર લઈ ગયા હતા.

વિપક્ષના સભ્યોને ગૃહમાંથી બહાર કાઢવામાં આવ્યા બાદ વિપક્ષની ગેરહાજરીમાં પ્રશ્નોત્તરીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# પંચાયતીરાજ સંસ્થાઓમાં ફાળવાયેલ નાણા પંચની ૩૦૪.૧૫ કરોડની રકમ વણવપરાયેલી રહી

ગાંધીનગર, તા. ૨૮

પંચાયતી રાજ સંસ્થાઓ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ પૈકીની બારમા અને તેરમા નાણાં પંચની અંદાજે રૂ. ૩૦૪.૧૫ કરોડની ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહેવા પામી હતી. પંચાયતી રાજ સંસ્થાઓના કેગના અહેવાલમાં અનેક અનિયમિતતાઓ બહાર આવવા પામી છે.

વિધાનસભા ગૃહમાં આજે ભારતના ઓડીટર જનરલના પંચાયતી રાજ સંસ્થાઓ માટેનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી છે.

અહેવાલમાં જણાવ્યાનુસાર રાજ્યના ૨૩ જિલ્લાઓમાં જિલ્લા આયોજન કમિટીઓનું ગઠન કરવામાં આવ્યું હતું. તેમ છતાં માત્ર પાંચ જિલ્લાઓમાં જ ડીપીસીની બેઠક મળી હતી.

સ્ટેટ ફાઈનાન્સ કમિશન (રાજ્ય આયોજન પંચ)ના ગઠન માટે નિયત કરેલ સમયાવધિ જાળવવામાં આવી ન હતી અને ડિસેમ્બર-૨૦૧૩માં રજુ થયેલ ત્રીજા નાણાંપંચના અહેવાલ પર રાજ્ય સરકારના વિભાગો દ્વારા એક્શન ટેકન રીપોર્ટ બાકી રહેવાને કારણે હજુ સુધી વિધાનસભામાં મુકવાનો બાકી રહ્યો હતો.

